થરાદ ખાતે માસિક સ્વચ્છતા અને જાગૃતિ સેમિનાર એસ.વી ઈન્ટરનેશન સ્કૂલ દ્વારા યોજાયો

પાલનપુર તા.૧૬

થરાદ ખાતે એસ.વી ઈન્ટરનેશન સ્કૂલ થરાદ દ્વારા હોટલ ડેઝર્ટ ઈનમાં માસિક સ્વચ્છતા અને જાગૃતિ સેમિનાર યોજાયો હતો. જેમાં થરાદની અન્ય ત્રણ શાળાઓએ પણ સહયોગ કર્યો હતો અને મુખ્ય પ્રવક્તા ડૉ. મેહુલ નાયક (ગાયનેકોલોજિસ્ટ) તેમજ હેતલબેન પંચાલ હતા આ કાર્યક્રમમાં ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ હાજર રહી માસિક સ્વચ્છતા વિશે જાણકારી મેળવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, એસ. વી. ઈન્ટરનેશનલ સ્કૂલ થરાદ દ્વારા માસિક સ્વચ્છતા અને જાગૃતી સેમીનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનાર વિદ્યાર્થિનીઓ અને એમની માતાઓ માટે રાખવામાં આવ્યો હતો. થરાદ ની મોડેલ સ્કૂલ , ગુરુકુળ, જયવીર , સરસ્વતી, આનંદ પ્રકાશ સહિતની સ્કૂલોએ ભાગ લીધો હતો. મુખ્ય સહયોગ તરીકે પિન્ટુભાઈ સોની (આદિત્ય જવેલર્સ) રહ્યા હતા. દીપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામ ને ચાલુ કરવામાં આવ્યો હતો. ત્યાર પછી દરેક મહેમાન નું એસ. વી. ઈન્ટરનેશનલ સ્કૂલ ના સંચાલક માયારામ જોષી દ્વારા સ્વાગત કરવામા આવ્યું હતું. પછી શાળાના શિક્ષિકા ઉર્મિબેન જોષી દ્વારા પ્રોગ્રામ ચાલુ કરવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ના મુખ્ય પ્રવક્તા ડૉ. મેહુલ નાયક અને એમની ટીમ હતી. ડૉ નાયક દ્વારા વિદ્યાર્થીનીઓ ને માસિક વિષે માહિતી આપવામાં આવી હતી. આ અંગે પૂરક વિગતો આપતા અમારા થરાદના સહયોગી રાજેશ જોષી નો અહેવાલ વધુમાં જણાવે છે કે ,વિડિયો દ્વારા વિદ્યાર્થીનીઓ ને સમજણ આપવામાં આવી હતી. પછી હેતલબેન પંચાલ દ્વારા ગુડ ટચ અને બેડ ટચ ની માહિતી આપવામાં આવી હતી. થરાદ ની વિવિધ શાળા માંથી ૫૦૦ થી વધારે વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત નો સૌથી મોટો સેમીનાર કરવામાં આવ્યો હતો. સેમીનાર માં મોડેલ સ્કૂલ ના આચાર્ય કરશનભાઈ પઢાર, સરસ્વતી શાળા ના સંચાલક સહિત વિવિધ શાળા ના આચાર્ય તેમજ બહેનોએ હાજરી આપી હતી. અંતે દરેકએ ફુટી પઈ ને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કર્યો હતો.

બનાસ બેંકની ૬૪મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ: બેંકનો ધંધો પાંચ હજાર કરોડથી વધુ થયો

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા બનાસ બેંકની ૬૪ મી વાર્ષિક સાધારણ સભા પાલનપુર વિદ્યામંદિરના કાનુભાઈ મહેતા હોલમાં બેંકના ચેરમેનશ્રી સવસીભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી તથા ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

બેંકના ચેરમેનશ્રી સવસીભાઈ ચૌધરીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સભાસદોને આવકારી ઉસ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. તેમણે અહેવાલના વર્ષની બેંકની નાણાંકીય પરિણામોની વિગતો આપતા જણાવ્યું હતું કે બેંકના નાણાંકીય પરિણામો સહુના સહકારથી ઉત્કૃષ્ટ પ્રાપ્ત થયા છે. ગત વર્ષની ડીપોઝીટમાં ૧૮૮ કરોડનો વધારો થઈ ૨૭૮૦ કરોડ થઈ છે. બેંકના ભંડોળોમાં ૫૧ કરોડનો વધારો થયો છે અને ૪૨૬ થયા છે. ચોખ્ખો નફો ૧૫ કરોડ થયો છે. જે ગત વર્ષ કરતા ૪૦% વધેલ છે. બેંકનો ધંધો સહુ પ્રથમ વખત ૫૦૦૦ કરોડથી વધુ થયો છે. બેંકની પ્રગતિ માટે અગાઉના ચેરમેનોએ કરેલ કામગીરીને પણ તેમણે શ્રેય આપ્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જિલ્લાવાસીઓના અતુટ વિશ્વાસ અને સન્માનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રના સહકાર મંત્રી અમિતભાઈ શાહની ખેડૂતો અને સહકારી ક્ષેત્રને મજબુત બનાવવા જે નિતી નિર્ધારણ કામગીરી કરી રહયા છે તે જોતા સહકારી ક્ષેત્ર વિકાસની હરણફાળ ભરવા જઈ રહયું છે તેવુ ચોકકસ લાગી રહયુ છે. તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દેશને વિકસીત અને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા સહકારી ક્ષેત્રે પણ સહુએ સાથે મળીને કામ કરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સવસીભાઈના નેતૃત્વમાં બેંકનું નિયામક મંડળ સાથે મળીને કામ કરી રહયુ છે. ખેડૂતોની સેવા કરવાના કામમાં બનાસ ડેરી પણ બેંકને સાથ સહકાર આપશે તેમ જણાવ્યું હતું. તેમણે કેન્દ્રમાં સહકાર મંત્રાલય સહકારના વિકાસમાં ઘણા બધા નવા કાર્યો કરવા જઈ રહયા છે તેમાં મંડળી લેવલે સક્ષમ બનવા ઘણી મંડળીઓને ઓનલાઈન થવા ઝડપથી ટેકનોલોજી અપનાવવા ટ્રેઈન થવુ પડશે. સમય સાથે બદલાવું પડશે અન્યથા આવેલ તક જતી રહેશે. મંડળીઓને સ્વાતંત્રતા મળશે. નવો ધંધો કરવા પ્રાથમિકતા મળશે. ટુંકમાં સહકારીતાનું રૂપ બદલાઈ રહયુ છે. દેશના માનનીય વડાપ્રધાનશ્રી અને સહકાર મંત્રીશ્રીના મહાત્વાકાંક્ષી કામને પૂર્ણ રીતે સહકાર આપવા તેમણે અનુરોધ કર્યો હતો. વધુમાં તેઓશ્રીએ જિલ્લાને હરીયાળો બનાવવા વૃક્ષોનું મોટા પાયે વાવેતર કરવા અને પાણીદાર બનાવવા ખેત તલાવડી જેવા કામોને સામુહિક રીતે અપનાવવા ભાર પૂર્વક જણાવ્યું હતું. તેમણે બેંકના સ્વર્ગસ્થ ચેરમેન એમ.એલ. ચૌધરી દ્વારા બેંકના ચેરમેન તરીકે કરેલ કામગીરીની સરાહના કરી હતી અને ઉપસ્થિત સર્વે સભાસદોને સામાજિક બીનજરૂરી ખર્ચ ઘટાડી શિક્ષણ પાછળ ખર્ચ વધારવા આહવાહન કર્યું હતું. કો.ઓપ. બેંક ઓફ ઈન્ડીયા, ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક અને અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહે સહકારી ક્ષેત્રને નવી ઉંચાઈએ લઈ જવાની નેમ લીધી છે. દેશની ઈકોનોમીને પાંચ ટ્રીલીયને પહોંચાડવા ગ્રામ્ય અર્થતંત્રને વેગવંતુ બનાવવું જ પડે આ માટે ખેડૂત અને મંડળીને સક્ષમ બનાવવા જ પડે. કો.ઓપરેટીવનો માણસ કો.ઓપરેટીવ સાથે જોડાય, એક સ્ટ્રકચર બને, એક બીજાને મદદ કરે, સહકારીતાના માધ્યમથી સહુ આગળ વધે તેવી ઉમદા ભાવના સાથે આપણે સહુએ કામ કરવાનું છે. અને ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક ખેડૂતો અને ગ્રાહકોની સારામાં સારી સેવા આપવા હંમેશા તત્પર રહેશે તેઓ વિશ્વાસ ઉપસ્થિત સહુને આપ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનો દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. બેંકના મેનેજીંગ ડીરેકટરે એજન્ડા મુજબની કામગીરી કરી હતી. જેને સભાએ સર્વાનુમતે મંજુરી આપી હતી. બેંકના સ્વર્ગસ્થ ચેરમેન એમ.એલ. ચૌધરીના માનમાં બે મિનિટનું મૌન પાડી શ્રધ્ધાંજલી પાઠવી હતી. તેમજ બેંક દ્વારા સહુથી વધુ નફો કરતી મંડળીઓ અને સહુથી વધુ વસુલાત કરતી મંડળીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજયસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, બનાસ મેડીકલ કોલેજના અધ્યક્ષ પી.જે. ચૌધરી, ધાનેરાના પૂર્વ ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, નથાભાઈ પટેલ, ડીસા એ.પી.એમ.સી.ના નવા વરાયેલા ચેરમેન ગોવાભાઈ રબારી, બેંકના વાઈસ ચેરમેન પીરાજી ઠાકોર, ડેરીના વાઈસ ચેરમેન ભાવાજી રબારી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન દેવજીભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન પાંચાભાઈ પટેલ, બેંકના ડીરેકટરશ્રીઓ જીગરભાઈ દેસાઈ, શૈલેષભાઈ પટેલ, ડાયાભાઈ પીલીયાતર, પ્રભુદાસ પટેલ, જીતેન્દ્રસિંહ ડાભી, કેશુભા પરમાર, દાનાજી ચાવડા, કેશરભાઈ ચૌધરી, નારણભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પટેલ, પરથીભાઈ લોહ, દોલતપુરી ગોસ્વામી, સીતાબેન રાવલ, મરઘાબેન પટેલ, ડેરીના ડીરેકટરશ્રીઓ, એ.પી.એમ.સી.ના ચેરમેનશ્રીઓ, તાલુકા સંઘોના ચેરમેનશ્રીઓ, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, તાલુકા ભાજપના પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, સેવા મંડળી, દૂધ મંડળી સહીત તમામ મંડળીઓના ચેરમેન / મંત્રીશ્રીઓ સહિત આગેવાનો હાજર રહયા હતા. કાર્યક્રમની આભાર વિધી બેંકના ડીરેકટરશ્રી શૈલેષભાઈ પટેલે કરી હતી.

પ્રદેશ કારોબારી કિસાન મોરચા, જિલ્લા કારોબારી સભ્યો બરતરફ

સાબરકાંઠા મધ્યસ્થ બેંકનો ચૂંટણી જંગ - ભાજપે આપેલા મેન્ડેટ સામે ઉમેદવારી કરનાર ઈડરના ૮ સહકારી આગેવાનો ૬ વર્ષ માટે સસ્પેન્ડ : પરિણામ આંચકાજનક રહે તેવી સંભાવના

બાયડ, તા.૧૬

સાબરકાંઠા મધ્યસ્થ બેંકની ચૂંટણી જાહેર થયા પછી બેંકના વિભાગ-અ., જૂથ નં. માં ભાજપે ઈડર તાલુકાના સાબલવાડ ગામના સહકારી આગેવાનને મેન્ડેટ આપ્યું હતું પરંતુ પક્ષના અન્ય સહકારી આગેવાનોએ તેમની સામે દાવેદારી નોંધાવતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે મેન્ડેટ સામે બળવો કરનાર ઈડર તાલુકાના ૮ સહકારી આગેવાનોને પ્રાથમિક તેમજ સક્રીય સભ્યપદેથી ૬ વર્ષ માટે દૂર કરવાના આદેશ કરતાં ખળભળાટ મચ્યો છે. ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી કિસાન મોરચાના સભ્ય તેમજ જિલ્લા કારોબારી સભ્યને સસ્પેન્ડ કરાયા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ભાજપ દ્વારા સહકારી સંસ્થાઓની ચૂંટણીઓમાં મેન્ડેટ આપીને ઉમેદવારો મેદાનમાં ઉતારતાં અનેક

વિસ્તારોમાં નારાજગી સાથે બળવો પણ જોવા મળી રહ્યો છે. જિલ્લાની ટોચની સહકારી સંસ્થા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની ચૂંટણી જાહેર થઈ અને ભાજપે ઉમેદવારો જાહેર કર્યા હતા. ત્યારે થ નં. ૬માં ભાજપ દ્વારા સાબલવાડ ગામના જ્યોતિન્દ્રભાઈ રણછોડભાઈ પટેલને મેન્ડેટ આપેલ પરંતુ અન્ય સહકારી આગેવાનો પોતાને મેન્ડેટ ન મળતાં નારાજ થયા અને ઉમેદવારી પરત ખેંચવા કે પક્ષ દ્વારા જે ઉમેદવારને મેન્ડેટ મળેલ છે તેને સમર્થન કરવા જણાવ્યું પરંતુ પ્રદેશના આપેલ મેન્ડેટના ઉમેદવારની સામે ચૂંટણીમાં ઉમેદવારી ચાલુ રાખતાં પક્ષ દ્વારા ઈડર તાલુકાના ૮ સહકારી આગેવાનોને ૬ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે સદર બેઠકનું પરિણામ આંચકાજનક આવે તેવી સંભાવના પણ વ્યક્ત થઈ છે.

કયા સહકારી આગેવાનો સસ્પેન્ડ

કનૈયાલાલ ગોપાળભાઈ પટેલ રહે.દાવડ, તા.ઈડર અશોકભાઈ રેવાભાઈ પટેલ, રહે.લાલપુર, તા.ઈડર હેમંતભાઈ નચ્છાભાઈ પટેલ, રહે.જાદર, તા.ઈડર કાન્તિભાઈ મણીભાઈ પટેલ, રહે. સીંગા, તા.ઈડર સતિષભાઈ હરીભાઈ પટેલ, રહે.મેસણ, તા.ઈડર વિઠ્ઠલભાઈ છગનભાઈ પટેલ, રહે.ભૂવેલ, તા.ઈડર ભીખાભાઈ વિરચંદભાઈ પટેલ, રહે.કાનપુર, તા.ઈડર ભોગીભાઈ ગીરધરભાઈ પટેલ, રહે.બડોલી, તા.ઈડર

મોડાસાની સાકરીયા પ્રાથમિક શાળાનો ૧૬૬માં જન્મદિવસની કેક કાપી સામુહિક ઉજવણી

મોડાસા, તા. ૧૬

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ ખાતે યોજાયેલ સરપંચ સંમેલનમાં પોતાના ગામની શાળાના જન્મદિવસની સામુહિક ઉજવણી કરવામાં આહવાન કરતા રાજયની પ્રાથમિક શાળાઓ જન્મદિવસ ની ઉજવણી રંગેચંગે કરી રહી છે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામની પ્રાથમિક શાળા મોડાસા શહેરની ખાનગી સ્કૂલોને અભ્યાસમાં પછાડી રહી છે સાકરીયા પ્રાથમિક શાળાના ૧૬૬માં જન્મ દિનની વિશેષ આત્મીયતા-ઉત્સાહ સાથે શિક્ષણગણ, વિદ્યાર્થીઓ અનેગ્રામજનો દ્વારા સામૂહિક કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકાના સાકરીયા ગામમાં વર્ષ-૧૮૫૮માં ૧૫ જુલાઈના રોજ પ્રાથમિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી સાકરીયા પ્રાથમિક શાળાને ૧૬૫ વર્ષ પૂર્ણ થતા ૧૬૬માં જન્મદિવસની ઉજવણી કેક કાપીને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સરસ્વતી વંદના કરીને કરવામાં આવી હતી. આ તકે સાકરીયા પ્રાથમિક શાળામાં જ અભ્યાસ કરી ચૂકેલા અને હાલ વેલસેટ થઈ ગયેલા આગેવાનો દ્વારા સાકરીયા પ્રાથમિક શાળાના વિકાસ માટે જરૂરી યોગદાન આપવાની તૈયારી પણ બતાવી હતી.શાળાના સ્માર્ટ કલાસરૂમ અને શિક્ષકગણ દ્વારા અભ્યાસ માટે અપાતા યોગદાનની ગ્રામજનોએ સરહના કરી હતી સાકરીયા પ્રાથમિક શાળાએ દેશ-વિદેશને નામાંકિત તબીબો, ઈજનેરો, ઉદ્યોગપતિઓ,રાજકીય અને સહકારી અગ્રણીઓ, વેપારીઓ આપ્યા છે

અરવલ્લી : જીલ્લા કલેકટર પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા સૂચન કરવામાં આવ્યું હતું. ભિલોડા-મેઘરજના ધારાસભ્ય પી. સી. બરંડા દ્વારા પ્રજાના પ્રશ્નો તાત્કાલિક ધોરણે ધ્યાને લઈને જરૂરી કામગીરી કરવા તાકીદ કરી હતી. જિલ્લાના શિક્ષણ, આરોગ્ય, ખેતીવાડી, ગ્રામ પ્રગતિ જેવા વિષયો પર ચિંતન કરી જિલ્લાને ઉચ્ચ સ્તરે પહોચાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી આ બેઠકમાં ધારાસભ્ય પી. સી. બરંડા,જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા અધીક નિવાસી કલેકટર એન.ડી.પરમાર સહિત જિલ્લા સંકલન સમિતિના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી શ્રી એસ વી ટી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઉજળેશ્વરમાં પ્રવેશોત્સવ ઉજવાયો

ધનસુરા, તા.૧૬

ધનસુરા તાલુકામાં આવેલી એસ.વી.ટી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઉજળેશ્વરમાં બી.એ તથા બી.કોમ સેમ ૧ ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એ બી.કોમ સેમ ૩ અને ૫ ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી આવેલ મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં મુખ્ય મહેમાન તરીકે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી એમ કે મિરઝા, ટ્રસ્ટી શ્રી જાહીદભાઈ મિરઝા, બી એડ કોલેજના પ્રિન્સીપાલ શ્રી ડૉ જે વી ભરવાડ તથા હીરાપુરા પ્રાથમિક શાળાના આચાર્ય સંગીતાબેન સોની, આદર્શ વિદ્યા વિહારના પ્રિન્સીપાલ કે બી પટેલ ધનસુરા પોલીસ સ્ટેશનના શાંતાબેન દેસાઈ સહિતના મેહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ મિતેશભાઈ દેસાઈ તથા તોહિદભાઈ મિરઝા તથા સમગ્ર સ્ટાફે કર્યું હતું.

રાજપુર અપ્રોચ રોડનો ભ્રષ્ટાચાર આચરનાર તત્કાલીન મેઘરજ ડેપ્યુટી ઈજનેર રાજગોર અને ઈજનેર જેનમ સંખેસરા સસ્પેંડ

મેઘરજના રાજપુર ગામમાં ૪૫૦ મીટર અપ્રોચ રોડનો વધુ માપ મૂકી સરકારી નાણાં ઉસેટી લેનાર માર્ગ અને મકાન વિભાગના બે એન્જીનીયર સસ્પેન્ડ થતા જીલ્લામાં સન્નાટો

મોડાસા, તા.૧૬

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોની કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી જિલ્લાનો વિકાસ નહિવત અને અધિકારીઓ,કર્મચારીઓ અને

કોન્ટ્રાક્ટરોના ખિસ્સા નો વિકાસ વિપુલ પ્રમાણ માં થઈ રહ્યો છે વિકાસના કામોમાં ભ્રષ્ટાચારની ઉધઈ લાગતા જિલ્લાનો વિકાસ રૂંધાઈ ગયો છે જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં તો કોઈ રણીધણી જ ન હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે મેઘરજ તાલુકાના રાજપુર ગામના અપ્રોચ રોડમાં ભારે ગોબાચારી આચરવામાં આવી હોવા છતાં તત્કાલીન ડેપ્યુટી ઈજનેર અને મદદનીશ ઈજનેરે આંખ આડા કાન કરતા અને રોડ નિર્માણ કરતા વધુ મીટર માપ દર્શાવી સરકારી નાણાંની લૂંટ કરતા રાજ્ય માર્ગ અને મકાન વિભાગે બંને ઈજનેરને સપ્સેન્ડ કરી દેતા જીલ્લાની માર્ગ અને મકાન વિભાગમાં ફરજ બજાવતા કર્મીઓમાં ફફડાટ ફેલાયો છે

મેઘરજના તત્કાલીન ડેપ્યુટી ઈજનેર શરદ.વી.રાજગોર અને મદદનીશ ઈજનેર જેનમ સંખેસરાની ફરજ દરમિયાન રાજપુર ગામમાં ૧૭૫૦ મીટર લંબાઈમાં ડામર કામ કરવામાં આવ્યું હોવા છતાં માપ પોથીમાં ૨૨૦૦ મીટર લંબાઈના જી.એ.બી-૨, ડબ્લ્યુ.બી.એમ-૧, ડબ્લ્યુ.બી.એમ-૨ કામગીરીના ખોટા માપ લખી તેમજ રોડ કામમાં હલકી કક્ષાનું માટેરિયલ્સ વાપરવા આવતા બંને અધિકારીઓની મીલીભગત જણાઈ આવતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા બંને ઈજનેરને સસ્પેન્ડ કરવાનો ઓર્ડર થતા સન્નાટો વાપ્યો છે

પ્રાંતિજ ખાતે ભંગારના વાડાને લઈને સામ-સામે ગાળોબોલી મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સામ-સામે પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે ભંગારના વાડાને લઈ ને સામ-સામે ગાળો-બોલી મારમારી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી લોખંડ ની પાઈપ વડે હુમલો કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સામ-સામે પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ બલોચવાસ ગલેચી ભાગોળ ખાતે રહેતા નસીમબાનુ એ પોતાના ઘર ની બાજુમા આવેલ ખુલ્લી જગ્યા ભંગાર ના વાડો કરવા માટે ઈકબાલ ખાન સાબીરખાન પઠાણ ને ભાડે આપેલ હોય જે જગ્યા નસીમબાનુ દ્વારા ખાલી કરવાનુ કહેતા ઈકબાલ ખાન પઠાણ ખાલી નહી કરી નસીમબાનુ સાથે બોલાચાલી કરતા હોય નસીમબાનુ નો પુત્ર નાજીમ તથા નઈમ તથા પુત્રી નરગીસ આવીજઈ ને ઝધડો નહી કરવાનુ કહેતા ઈકબાલખાને નજીક મા પડેલ લોખંડ ની પાઈપ લઈ આવી નાજીમ ને ખભાના ભાગે મારતા નરગીસ વચ્ચો વચ્ચો પડતા તેને હાથે ઈજાઓ પોહચી હતી તો નાજીમ ને ગડદાપાટુનો મારમારી તથા નસીમબાનુ ને ધકકો માર્યો હતો અને ભંગાર નો વાડો ખાલી નહી કરવાનુ કીધુ હતુ અને ભંગાર નો વાડો ખાલી કરાવશોતો જાનથી મારી નાખીશ તેમ કહેલ તો નસીમબાનુને સારવાર અર્થે સિવિલ લઈ ગયેલ તે વખતે પણ ઈકબાલ ખાન તથા તેની પત્ની રૂકેયાબાનુ પણ ઇકબાલ ખાનની સારવાર માટે આવેલ હોય સિવિલ માં રૂકેયાબાનુ જેમ તેમ મા-બહેન સામી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી સિવિલ મા ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા નસીમબાનુ સુબેખા હસનખા બલોચ રહે.બલોચ વાડા ,ગલેચી ભાગોળ તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા દ્વારા ઈકબાલ ખાન સાબીરખાન પઠાણ તથા તેની પત્ની રૂકેયાબાનુ ઈકબાલ ખાન સાબીરખાન પઠાણ બન્ને રહે પઠાણ વાડા ,ગામ- પ્રાંતિજ જિ. સાબરકાંઠા બન્ને વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૨૩,૫૦૪,૫૦૬,(૨),૧૧૪ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથધરી હતી

તો સામા પક્ષે પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ઈકબાલ ખાન નો નાનોભાઈ ગુલામઅશફર સાબીરખાન પઠાણ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોતાના ભાઈ ઈકબાલ ખાન ને લોખંડ નો પાઈપ અને સળીયા વડે મારમારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી જેમા ઈકબાલ ખાન દ્વારા ભાડે રાખેલ જગ્યાના દરવાજે તાળુમારી દિધેલ હોય જે તાળુ લગાવવા બાબતે ઈકબાલ ખાન પુછવા જતા નાજીમખાન સુબેખાન બલોચ , નઈમખાન સુબેખાન બલોચ , સઈમખાન સુબેખાન બલોચ , નરગીસ બાનુ શાકીરમીયા કુરેશી ચારેય જણા ઝધડો કરી નાજીમખાન દ્વારા ઉશ્કેરાઈ લોખંડ ની કોસ લઈ આવી ઈકબાલ ખાન ને માથા ભાગે મારી તેમજ નઈમખાન લોખંડ ની પાઈપ ડાબા હાથના કાંડાના ભાગે તેમજ સઈમખાન લોખંડ નો સળીયો ડાબા પગે મારી તેમજ નરગીસ બાનુ ગડદાપાટુ નો મારમારી ઈજા કરી બિભત્સ ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ને એકબીજાની મદદત કરતા જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ નો જાહેર નામાનો સામ-સામે ભગ કર્યો તો પ્રાંતિજ પોલીસે ગુલામઅશફર પઠાણ ની ફરિયાદ ને લઈ ને નાજીમખાન સુબેખાન બલોચ , નઈમખાન સુબેખાન બલોચ , સઈમખાન સુબેખાન બલોચ , નરગીસ બાનુ શાકીરમીયા કુરેશી બધા રહે પ્રાંતિજ જિ સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૨૩,૩૨૪,૫૦૪,૫૦૮(૨) ,૧૧૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરવામા આવી હતી.

દાંતાના ખેરમાળ નજીક તળાવમાં ડૂબી જતાં કિશોરનું મોત નિપજ્યું

સ્થાનિક તરવૈયાઓએ લાશ બહાર કાઢી

ડીસા, તા.૧૬

દાંતા તાલુકામાં ગત તારીખ ૧૦/૦૭/૨૦૨૩ના રોજ પિતા-પુત્રનું નદીમાં તણાઈ જવાના કારણે મોત નીપજ્યું હતું. ત્યારે આજે ફરી એકવાર એક બાળકનું તળાવમાં ડૂબી જવાના કારણે મોત નીપજ્યું છે. ચાર દિવસમાં આ બીજી ઘટના સામે આવી છે જેમાં પાણીમાં ડૂબી જવાના કારણે મોત થયું છે. આજે દાંતા તાલુકાના ખેરમાલ નજીક તળાવમાં એક બાળકનું તળાવમાં ડૂબી જવાના કારણે મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે એકત્રિત થયા હતા અને બાળકના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

દાંતા તાલુકાના ખેરમાળ ગામે તળાવમાં ગમાર અર્જુનભાઈ ડૂબી જવાથી થયું મૃત્યુ થયું હતું. આજે સવારે ૯:૦૦ વાગ્યે ઘરેથી ખેરમાળ ગામે આવેલા તળાવ નજીક બકરા ચરાવવા ગયેલા હતા. ત્યારે લગભગ ૧૧:૦૦ કલાકના આજુબાજુ તળાવ નજીક બકરાઓને પાણી પીવડાવતા હતા અને તેઓ તળાવમાં નાહવા જતા તળાવમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. દાંતાના ખેરમાળ નજીક તળાવમાં ડૂબી જવાથી અકસ્મિક મૃત્યુ થયું હતું. આજે બપોર પછી ગામના તરવૈયાઓ દ્વારા બાળકનું મૃત શરીર બહાર નીકાળવામાં આવ્યું. દાંતા તાલુકાના ખેરમાલ નજીક બાળક તળાવમાં ડૂબીને મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકની લહેર પ્રસરી હતી.

શાંતીપુરાના ઈસમને એક વર્ષની સાદી કેદની સજા

પ્રાંતિજ કોર્ટ નો ચુકાદો કેસ રીટન કેસમા ૧ વર્ષ ની સાદી કેદની સજા : ૮,૩૫,૦૦૦ દંડ પેટે ચુકવવા કોર્ટનો હુકમ : આરોપી દંડની રકમ ના ભરેતો વધુ ત્રણ માસની કેદની સજા ભોગવવાનો હુકમ : ખોટા ચેક આપનાર લોકોમા ભયનો માહોલ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ કોર્ટ દ્વારા ચેક રીટર્ન કેસમા આરોપીને એકવર્ષ ની સાદી કેદની સજા તથા ૧૬,૭૦,૦૦૦ દંડ કરવામા આવ્યો અને જો આરોપી દંડની રકમ ના ભરેતો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવ્યો. પ્રાંતિજ દેના ગુજરાત ગ્રામીણ બેંક ખાતે લોન સામે ૮,૩૫,૦૦૦ નો ચેક આપેલ જે ચેક ખાતા મા જમા કરવા માટે ખાતા માં ભરતા ખાતા મા રકમ નહી હોય તે પરત ફરતા પ્રાંતિજ દેના ગુજરાત ગ્રામીણ બેંક પ્રાંતિજ શાખાના મેનેજર દિપક કુમાર સોમાભાઇ પટેલ દ્વ